અરવલ્લી જિલ્લામાં મેઘરાજાની પવનદેવ સાથે ધમાકેદાર પધરામણી

ગુજરાતમાં ચોમાસાની જે રાહ જોવામાં આવી હતી, તેનો આતુરતાપૂર્વક અંત આવ્યો છે, રાજયના ઘણાં ૧૫ થી વધારે જિલ્લાઓમાં મેઘરજાની પધરામણી થઈ ચૂકી છે કેટલીક જગ્યાએ ધોધમાર વરસાદ વરસ્યો તો કેટલાક વિસ્તારોમાં ભારે પવન પણ ફૂંકાયો હતો. અરવલ્લી જિલ્લામાં પણ વિધિવત રીતે ચોમાસાનો પ્રારંભ થયો હોય તેમ શનિવાર મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો, જિલ્લાના મોડાસા તાલુકાના દધાલિયા, મરડિયા, મોતીપુરા, જંબુસર સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો હતો અને ત્યારબાદ મેઘરજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. તો મેઘરજના ઈસરી, જીતપુર અને રેલ્લાવાડા સહિતના વિસ્તારોમાં પણ ધમાકેદાર મેઘરાજાની પધરામણી જોવા મળી હતી. કેટલાક વિસ્તારોમાં ભારે પવન પણ ફૂંકાયો હતો. મેઘરજના અંતરિયાળ વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી પાણીની સમસ્યાઓથી લોકો પરેશાન થયા હતા ત્યારે વરસાદથી ખેડૂતો તેમજ લોકોમાં ખુશી પ્રસરી છે. ભિલોડા પંથકમાં પણ ભારે પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી, રવિવારના રોજ મોડી રાત્રે સુનોખ, વશેરાકંપા સહિતના ગ્રામ્ય પંથકમાં માં વરસાદી માહોલ જામ્યો હતો. ભિલોડા પંથકમાં પણ ભારે પવન ફૂંકાતા કેટલાક વિસ્તારોમાં વીજ વાયર ને નુકસાન થયું હતું તો કેટલીક જગ્યાએ વૃક્ષો પડવાની ઘટનાઓ સામે આવી છે. પ્રથમ વરસાદને લઈને જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં ચોમાસુ નજીક આવતાં ગ્રામ્ય પ્રજાએ મકાનોનું સમારકામ હાથ ધર્યું

ગામડાંમાં મકાનો ઉપર દેશી-વિલાયતી નળીયાં બદલવાની કામગીરી હાથ ધરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

સમગ્ર રાજ્ય સહિત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મોસમે ચોમાસુ હાથવેંતમાં હોવાના અણસારો આપી દેતાં જિલ્લાભરના ભૂમિપુત્રો પોતાના ખેતરોને ખેતી લાયક સજ્જ કરવાના કામોમાં પરોવાયા છે. તો તેની બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોની પ્રજાએ આવનાર ચોમાસાને અનુલક્ષી પોતાના કાચા-પાકા મકાનોને વરસાદથી આરક્ષિત કરવા મકાનોના સમારકામ હાથ ધરતાં ગામડાઓમાં દેશી-વિલાયતી નળીયાંની માંગ વધી છે. જ્યારે જિલ્લામાં દેશી ઢબના મકાનોની છતનાં નળીયાંની ગોઠવણી કરવા માહેર ગણાતા લોકોની સંખ્યા જૂજ હોવાથી તેમની બોલબાલા વધી રહી છે. આ અંગે મળતી વિગતો અનુસાર સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચોમાસુ હવે હાથવેંતમાં જ છે ત્યારે જિલ્લાની મોટા ભાગની ગ્રામ્ય પ્રજા હજુય માટીનાં કાચાં-પાકાં મકાનોમાં વસવાટ કરતી હોવાથી આવનાર ચોમાસા દરમ્યાન પોતાના પરિવારને વરસાદની હેલીમાં કોઈ મુશ્કેલી ન ભોગવવી પડે તે માટે ઘરના વડીલોએ દેશી ઢબનાં મકાનો પરનાં દેશી-વિલાયતી નળીયાંની ગોઠવણીનું કામ ઉપાડતાં ગામડાઓમાં દેશી-વિલાયતી નળીયાંની જબરી માંગ ઉભી થઈ છે. જ્યારે મોટા ભાગના ગામડાઓમાં કાચા મકાનો પરના દેશી નળીયાંની ગોઠવણી કરનાર કોઈ એકાદ વ્યક્તિ જ માહેર હોવાથી ઘર ચારનારાઓની જબરી બોલબાલા વધી પડી છે. તો તેની સાથો..સાથ કેટલાય ગ્રામ્ય વિસ્તારો જૂના મકાનોના છતના કામો નવેસરથી ઉઘડતાં ગામડાઓના મિસ્ત્રીઓને પણ નવરાશનો સમય ન હોવાનું માહોલ જાગ્યો છે. ત્યારે જિલ્લાના અંતરીયાળ આદિવાસી વિસ્તારોની પ્રજાએ પોતાના કાચા મકાનોને વરસાદથી ખાસ સલામતી પૂરી પાડવા ખાખરાના પાનના કઠલા બનાવી દિવાલોને ઢાંકવાના કામોમાં ગળાડૂબ બની છે.

માલપુર લેઉવા પટેલ સમાજ વિકાસ મંડળ દ્વારા

યુવાનીની અવઢવથી ઉત્સવ સુધી એક પ્રેમાળ ગોષ્ઠી નામનો અનોખો પરિસંવાદ યોજાયો

માલપુર લેઉવા પટેલ સમાજ વિકાસ મંડળ દ્વારા યુવાનો અને મહિલાઓ ના સર્વાંગી વિકાસ અને સંસ્કાર માટે નેહલ ગઢવી નો પ્રેરણાદાયી સેમિનાર યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા . માલપુર લેઉવા પટેલ સમાજ ના યુવાનો યુવતીઓ અને મહિલાઓ ને પશ્ચિમ ના દેશો ની સંસ્કૃતિ અને ટીવી મોબાઈલ ના દુષણો નો પ્રભાવ નહિ પડે અને મૂળ હિન્દૂ સંસ્કુતિ તેમજ સમાજ ના નીતિ નિયમો ને અનુસરવા માટે માલપુર લેઉવા પટેલ સમાજ વિકાસ મંડળ દ્વારા સમાજવાડી જુના તખતપુર ખાતે સાંજ ના સમયે ગુજરાત ના જાણીતા મોટિવેશન અને પ્રેરણાત્મક વક્તા નેહલ ગઢવી નો સેમિનાર નું આયોજન કરતા બાવન ગામ લેઉવા પાટીદાર સમાજના યુવાનો યુવતીઓ તેમજ સમાજ ના આગેવાનો વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સેમિનારમાં ભાગ લીધો હતો આ પ્રસંગે નેહલ ગઢવી એ આજના સમયમાં ટીવી મોબાઈલ અને પશ્ચિમી સંસ્કૃતિ ના અનુકરણ અને સમાજ માં થતી બદીઓ રોકવા અને સમજ આપી હતી સમાજમાં સમાજ ના યુવાનો યુવતીઓ પોતાનો ઘરસંસાર રાખે તેના પર પણ ભાર મૂક્યો હતો આ કાર્યક્રમમાં નેહલ ગઢવી ના વક્તવ્ય ની સમાજ માં સરાહનીય માનવા આવી તેમજ આયોજકો અને સમર્થકો ની પણ પ્રશંસા કરી હતી.

અરવલ્લી જિલ્લામાં ગેંગ રેપ, ભિલોડા પંથકમાં ૩ નરાધમોએ સગીરાને પીંખી નાખતા ચકચાર, પોલિસે તપાસ હાથ ધરી

અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ક્રાઈમની ઘટનાઓમાં સતત વારો થઈ રહ્યો છે, જેમાં ચોરી, ખૂન તેમજ દારૂની હેરાફેરી સહિતની ઘટનાઓ ઘટતી હોય છે આ વચ્ચે વધુ એક ચકચારી ઘટના ઘટી છે. ભિલોડા પંથકમાં એક સગીરાને ત્રણ નરાધમો પોતાની હવસનો શિકાર બનાવતા પોલિસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ભિલોડા પોલિસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, ભિલોડા પંથકમાં કોમ્પ્યુટરનો અભ્યાસ કરતી ૧૭ વર્ષિય સગીરાને ૩ શખ્સો રિક્ષામાં બેસાડી નજીક આવેલા જસવંતપુરાના ગોચર અને બાવળના જંગલ વિસ્તારમાં લઈ ગયા હતા, જ્યાં ગેંગ રેપની ઘટનાને અંજામ આપ્યો છે. સગીરાને ત્રણેય ઈસમોએ જાનથી મારી નાખવાની પણ ધમકી આપતા, પોલિસે ત્રણ ઈસમનો સામે ગુનો નોંધીને આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ભિલોડા પોલિસે ત્રણ ઈસમો સામે IPC કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જી), ૫૦૬(૨) તેમજ પોક્સો એક્ટ કલમ ૪,૬,૧૭ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ અધિકારી-સરપંચો સાથે બેઠકોનો દોર શરુ

બાયડ તાલુકાના અલાણા, રમાસ સહિતના વિસ્તારોમાં રાત્રે ૨ ડ્રોન ઉડતાં દેખાતાં ભય

બાયડ તાલુકાના અલાણા, રમાસ સહિતના વિસ્તારોમાં રાત્રે ૨ ડ્રોન ઉડતાં દેખાતાં ભય

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી કેટલાક વિસ્તારોમાં રાત્રિના સમય દરમ્યાન ડ્રોન ઉડતાં દેખાતાં દહેશત ઉભી થઈ છે. ગત રાત્રે બાયડ તાલુકાના અલાણા, રમાસ સહિતના વિસ્તારોમાં જમીનથી અંદાજીત ૯૦ ફૂટ ઉંચે ૨ ડ્રોન ઉડતાં દેખાતાં કેટલાક લોકો ડરના માર્યા ઘરમાં પુરાઈ ગયા હતા. બાયડ તાલુકામાં રાત્રિ દરમ્યાન ડ્રોન દેખાયાની ૩ દિવસમાં બીજી ઘટના સામે આવી છે. અરવલ્લી પોલીસ વડા દ્વારા રાત્રે ઉડતા ડ્રોન અંગે ખાનગી રાહે તપાસ શરુ કરવાની સાથે પોલીસ અધિકારીઓ અને જે તે વિસ્તારના સરપંચો સાથે બેઠકોનો દોર શરુ થયો છે.



અંદરખાને તપાસ ચાલી રહી છે – પોલીસ વડા

અરવલ્લી પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું કે કેટલાક વિસ્તારોમાં રાત્રે ડ્રોન ઉડવા અંગેની જાણકારી મળતાં અંદરખાને તપાસ ચાલી રહી છે પરંતુ પ્રજાએ પણ હવે જાગૃત થઈને આવા ડ્રોન દેખાય એટલે નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવી.

પ્રાપ્ત જાણકારી અનુસાર ખાસ કરીને દેશના સંવેદનશીલ વિસ્તાર કાશ્મીરના એલ.સી.તેમજ પંજાબમાં ઉડતા ડ્રોન મારફતે વિસ્ફોટકો તેમજ ડ્રગ્સનો સપ્લાય થતો હોવાની વિગતો સેના દ્વારા અગાઉ ઉજાગર કરવામાં આવી હતી. જ્યારે ગુજરાત આમ તો દરેક રીતે સલામત છે પરંતુ પાછલા ૪ દિવસ દરમ્યાન સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના બાયડ, તલોદ અને પ્રાંતિજ તાલુકાના કેટલાક વિસ્તારોમાં માત્ર રાત્રિ દરમ્યાન ઉડતી ડ્રોનના કારણે અનેક પ્રકારની આશંકા સાથે પ્રજામાં ભયનો માહોલ ઉભો થયો છે. રાત્રે ડ્રોન ઉડાડી કોઈ મજાક કરતું હોય પરંતુ રાજયની સુરક્ષાની ઠઠ્ઠામશ્કરીનો દોર કોઈ આરંભ્યો હોય તે રીતે આકાશમાં દેખાતી ઘટનાઓ છતાં જિલ્લાનું વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર બહુ ગંભીર હોય તેવું દેખાતું નથી. તેનપુર, ઉંટરડા, લબ અને સાબરકાંઠાના પ્રાંતિજમાં ડ્રોન દેખાયા પછી તપાસ માટે પણ કોઈ પગલાં ભરાયાં નથી જ્યારે ગત રોજ રાત્રે બાયડ તાલુકાના રમાસ અને અલાણા વિસ્તારમાં રાત્રે ઘેરઘેરાટી સાથે ડ્રોન ઉડતાં દેખાતાં ફરીવાર આ વિસ્તારમાં પ્રજામાં અનેક પ્રકારની દહેશતનો માહોલ ઉભો થયો છે.

મોટાપાયે સંક્રમણ ફેલાયાની આશંકા

હિંમતનગર સરકારી મેડીકલ કોલેજમાં કોરોનાનો પગપેસારો

પેથોલોજીસ્ટ, ગાયનેક સહિત પરિવારના ૩ સભ્યો પોઝિટિવ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

સાબરકાંઠા જિલ્લો કોરોનાના ભરડામાં આવી રહ્યો છે. હિંમતનગર સરકારી મેડીકલ કોલેજના પેથોલોજીસ્ટ તેમના પત્નિ ગાયનેકોલોજીસ્ટ અને તેમનો ૧૨ વર્ષનો પુત્ર કોરોનાની ઝપેટમાં આવતાં હોમ આઈસોલેશન કરાયા છે.

જ્યારે ડક્ટર પરિવારના સંપર્કમાં આવેલા અનેક દર્દીઓ સંક્રમિત થયાની આશંકા સેવાય છે. જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં કોરોનાના ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર હવે જવાબદારોની પણ બેદરકારીના કારણે જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત હાવિ થઈ રહ્યું છે. તાજેતરમાં હિંમતનગરની સરકારી મેડીકલ કોલેજમાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયાનું ઈન્સ્પેકશન હતું તે સમય દરમ્યાન ટીમના ૨ થી ૩ સભ્યો ચેપગ્રસ્ત હોવાની આશંકા હતી તેમના સંપર્કમાં આવ્યા પછી મેડીકલ કોલેજના દંપતિ સહિત તેમનો સંપૂર્ણ પરિવાર બિમાર પડ્યો અને લેબ પરીક્ષણ દરમ્યાન ત્રણેયના રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતાં ફરજીયાત હોમ આઈસોલેશન કરવામાં આવ્યા છે. પાછલા સપ્તાહ દરમ્યાન તેમના સંપર્કમાં આવેલા દર્દીઓ અને લોકોને પણ સર્વેલન્સમાં લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લા આઈ.એમ.ઓ. ડ.પ્રવિણ ડામોરે પણ સ્વીકાર્યું કે હિંમતનગર મેડીકલ કોલેજના ડક્ટર દંપતિ સહિત ૩ સભ્યો કોરોનાથી સંક્રમિત થયા છે.

મહેસાણા, ગાંધીનગરના ઈસમોને કોના આશીર્વાદ

નવામોટા પાસે નદીમાં ગેરકાયદે રેતી-કાંકરાના ખોદકામની ફરિયાદ

ખેડૂતોએ વિરોધ કરતાં હીટાચી સહિતના સાધનો લઈ ખનિજ ચોર ભાગ્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

ખેડબ્રહ્મા તાલુકાના નવા મોટા પાસે પસાર થતી સાબરમતી નદીમાં છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદેસર રીતે રેતી અને કાંકરાનું ખોદકામ થઈ રહ્યાની ફરિયાદ ઉઠી છે. મહેસાણા અને ગાંધીનગરના ઈસમાં હીટાચી તેમજ અન્ય યાંત્રિક મશીનોથી મોટાપાયે ખોદકામ કરી રહ્યા છે જેમાં તાજેતરમાં કેટલાક ખેડૂતોએ તેનો વિરોધ કરતાં ખનિજ ચોરોને ભાગવાની ફરજ પડી હતી. ગેરકાયદેસર રીતે સાબરકાંઠા ઉપરાંત બનાસકાંઠાની હદ સુધીમાં ખનિજ ચોરી કરનારાઓને કોના આશીર્વાદ છે તેવા સવાલ થઈ રહ્યા છે. જિલ્લામાં ખનિજ વિભાગ ખેતરમાંથી માટી ભરીને જતા ખેડૂતોને પજવીને દંડ ફટકારે છે તો પછી બેધારી નીતિ કેમ..?? સાબરકાંઠા જિલ્લામાં ભૂસ્તર વિભાગમાં ભ્રષ્ટાચારે માજા મૂક્યાની સમયાંતરે ફરિયાદો થતી હોય છે. દેખાડા ખાતર ખાણખનિજ અધિકારી કામગીરી કરતા હોવાથી અંતરીયાળ વિસ્તારોમાંથી પસાર થતી નદીમાં રાત-દિવસ ગેરકાયદે ખનિજ ચોરી થવા લાગી છે. ખેડબ્રહ્મા તાલુકાના નવામોટા પાસે પસાર થતી નદીના પટમાં મહેસાણા અને ગાંધીનગરના કેટલાક ઈસમો જે.સી.બી. અને હીટાચી સહિતના મશીન લગાવી રેતી, કાંકરાનું ખોદકામ કરી રહ્યા છે. ઘણા લાંબા સમયથી આ ઈસમો ખનિજ ચોરીનું રેકેટ ચલાવી રહ્યા હોવા છતાં સ્થાનિક તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહ્યું છે. તાજેતરમાં ગેરકાયદે થતા ખોદકામનો ખેડૂતોએ વિરોધ કરતાં હાલ ખનિજ ખોદકામ પડતું મૂકી હવે બનાસકાંઠાની હદમાં આડેધડ ખોદકામ શરુ કરાયાની વિગતો સામે આવી છે.

મોદીજીની ૧૦૮ મણકાની માળા...

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૧૨

એક યુગ હતો કે લોકોને "વેદ" અને વેદ વ્યાસની "ગીતા" સમજમાં ના આવી કે જેમાં ભારતની અસ્મિતાનું હૃદય અને મગજ બંને સમાયેલું છે... વેદ વ્યાસજીને લોકો માટે અઢાર પુરાણ લખવા પડ્યા અને તે પણ વાર્તા સ્વરૂપે!!! ભારત જ નહીં સમસ્ત જગતનો કલ્યાણકારી રસ્તો "વેદ" અને "ગીતા" ના માધ્યમથીજ ખુલે છે... આ "વેદ" અને "ગીતા" એ મૂળભૂત તત્વ છે... પણ તત્કાલીન સમાજનું, લોકોનું બૌદ્ધિક લેવલ બાલ્યવસ્થામાં પહોંચી ગયું હતું એટલે વેદ વ્યાસજીએ વાર્તારૂપે અલગ અલગ અઢાર પુરાણોની રચના કરી... આ વાર્તાઓ લોકોને ખૂબ પસંદ આવી એટલે આજે પણ ખૂબ વિકસિત જમાનામાં પણ વેદ અને ગીતાથી વધુ પુરાણો લોકોને ગમી રહ્યા છે!!! આજના સમયમાં પોતાને ખૂબ ભણેલા સમજતા લોકો પણ મારી દ્રષ્ટિએ બૌદ્ધિક બાલ્ય અવસ્થામાંજ છે માત્ર ગોખેલું કે પશ્ચિમી પુસ્તકોના સિદ્ધાંત મને તો બિલકુલ માન્ય નથી...

"વેદ" એ આપણો બાપ છે જ્યારે "ગીતા" એ આપણા માનવ સમાજની માતા છે!! પણ, મૂળ તત્વને સમજવું અઘરું છે એટલે લોકો માટે વાર્તાઓ જ કરવી પડે... આજે મોદી...મોદી...મોદી... એવું આખી દુનિયા ગાઈ રહી છે પણ ભારતની દુર્દશા તો જુવો કે લોકોને આ વાત સમજાતી નથી!! એટલેજ મને વિચાર આવે છે કે મારે વાર્તારૂપે એક "મોદી પુરાણ" લખવું જોઈએ.... કે જેમાં બાળકોને મજા આવે તેવી વાર્તાઓ હોય!! આમેય આપણી બુદ્ધિ ખડ ખાવા ગઈ છે કે વિશ્વ પ્રસિદ્ધ રાજપુરુષને હજુયે આપણે સારી રીતે ઓળખી નથી શક્યા...યુધિષ્ઠિર પ્રજા માટે શ્રેષ્ઠ રાજા હતા છતાંય બહુ મોટી જનતા દુર્યોધન, જરાસંધ, શિશુપાલ, રુક્મિ, જયદ્રથ જેવા ઘમંડી રાજાઓની જી હજૂરી કરતી હતી... લોકોને સીધી સાદી અને સાચી વાત પસંદ નથી આવતી, વેદ-ગીતામાં સ્પષ્ટ લખેલું છે કે આ કરવું જોઈએ અને ના કરવું જોઈએ!! પણ, વેદ અને ગીતાની આ વાત લોકોને પસંદ પડતી નથી... પુરાણની વાર્તાઓ શિરાની માફક સીધી ગળે ઉતરી જાય છે એટલે જ મોદી પુરાણ લખવું જોઈએ!! જેમાં મોદીજીની ૧૦૮ એવી વાતો હોય જે હૃદયસ્પર્શી હોય!!

વિશ્વએ સહજ સ્વીકારી લીધું કે મોદીજીની વાતમાં દમ છે...મોદીજી જોડે વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન પણ છે પરંતુ ભારતીયોને આ તત્વ વાળી વાત હજુય સમજાઈ નથી... માનવ સહજ સ્વભાવ છે કે માનવીને વાર્તા જ ખૂબ ગમે પરંતુ તત્વજ્ઞાનમાં કંટાળો આવે... એટલેજ તેઓ લાલુ, મુલાયમ, અખિલેશ, મમતા, કેજરીવાલ, રાહુલ ગાંધીની વાતોમાં ભોળવાઈ જાય છે!! પણ તેમની જોડે કોઈ તત્વજ્ઞાન નથી, માત્ર વાર્તાઓ છે...છેતરપિંડીની કથાઓ છે...માસ્કબાજી છે...લાલચ કે પ્રલોભન અને છળ જેમના જીવનમાં વણાયેલું છે તેવા આ બધા લોકો રાષ્ટ્રનું શુ હિત કરી શકે?

લોકોને વાર્તાઓ-કથાઓમાં ખૂબ રસ છે અને આ ટોળકી માત્ર વાર્તાઓ જ કરે છે જેને પુરાણ પણ કહી શકાય!! એટલે મને ઘણીવાર વિચાર આવે કે આ લુચ્ચી ટોળકી અંગત સ્વાર્થ ખાતર વાર્તાઓ કરતી હોય તો શા માટે આપણે દેશહિત માટે "મોદી પુરાણ" એટલે કે ૧૦૮ વાતો બહૂજ સરળ ભાષામાં મોદીજીની ખૂબીઓ અને તેમના કામ ઉપર કેમ ના લખું??? મોદીજીની ૧૦૮ મણકાની માળામાં અનેક ચેપટર છે જેને લોકો ખુશી ખુશી વધાવશે ... કારણકે મોદીજીની સંઘર્ષમય કથા અને કામ જ એવા છે જે જનકલ્યાણકારી હોય !! દિવસ રાત જોયા વગર જે દેશનો રાજા પરિશ્રમ કરતો હોય તેના ઉપર લખાયેલું પુરાણ પણ ખૂબ રોમાંચ કરનારું હોય!! આજે ત્રણ માસની અંદર મારો આ ૧૦૮ મો લેખ છે, ત્યારે વિચાર આવ્યો કે મારે ૧૦૮ વિષયો "મોદીજીની ૧૦૮ મણકાની માળા " નામના પુસ્તકમાં ટાંકવા જોઈએ!! જેમાં મોદીજીની ૧૦૮ ઉપલબ્ધિઓ હશે જે અગાઉની કોઈ સરકારે સપનામાં પણ નહીં વિચાર્યું હોય તેવા વિશેષ કામની આછી ઝલક હશે, ભલે લોકો મને મોદી ભક્ત કહે પણ આ ૧૦૮ વાતો તો તેમને પણ ગમે છે, પરંતુ પોતાને મોદી ભક્ત કહેવામાં શરમ આવે છે પણ મને કોઈ શરમ નથી આવતી અથવા મને એવી કોઈ લાલસા કે મહત્વકાંક્ષા પણ નથી પરંતુ યોગ્ય અને સારી, સાચી વ્યક્તિ માટે સ્પષ્ટ કહેવું જ જોઈએ!! કદાચ આપ સૌને પણ મારૂ આ પુસ્તક અવસ્ય ગમશે તેવો વિશ્વાસ છે!!!

પ્રાંતિજ તાલુકાના બાઈના મુવાડા ખાતે ખારીતેર ઝાલા પરિવાર સમાજની મીટીંગ યોજાઈ

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાઈના મુવાડા ખાતે આવેલ રાજમાતા મહાકાલી માતાજીના સાનિધ્યમા ખારીતેર ઝાલા સમાજ પરિવાર ના લોકોની મીટીંગ યોજાઈ

પ્રાંતિજ ના બાઈના મુવાડા ખાતે આવેલ કુળદેવી રાજમાતા મહાકાલી માતાના મંદિર ખાતે ખારીતેર ઝાલા સમાજ પરિવાર ની મીટીંગ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા મોટી સંખ્યા મા સમાજ ના યુવાનો , વડીલો , સમાજ ના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા જેમા સમાજ હિત ની વાતો સહિત સમાજ મા સંગઠન તથા સમાજ મા ચાલતા સામાજિક કુરિવાજો બંધ કરવા અને સમાજ સુધારણા અંગેની ચર્ચાઓ કરવામા આવીહતી તેમજ ઉપસ્થિત સોવકોઈએ માતાજીની સમુહ મા આરતી ઉતારી નો લાભ લઈ પ્રસાદ લઈ ને ધન્યતા અનુભવી હતી.

રક્તદાન મહાદાન

આંજણા ચૌધરી સમાજ સેવા મંડળ સાબરકાંઠા અરવલ્લીના નેજા હેઠળ સામાજિક જાગૃતિ, કન્યા કેળવણી માટે અર્બુદા રથ બંને જિલ્લામાં ભ્રમણ કરશે

બાયડ તા.૧૨

અર્બુદા રથ આંજણા ચૌધરી સમાજના ૨૧૫ ગામ માં ભ્રમણ કરશે. જેમાં સમાજની એકતા, જનજાગૃતિ, સમરસતા, અર્બુદા મંદિરનું નિર્માણ, નવી પેઢીના ભાઈ બહેનો માટે ટ્રેનિંગ સેન્ટર, કન્યા કેળવણી, પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન તેમજ આંજણા ચૌધરી સમાજ નો ઈતિહાસની ચર્ચા કરવામાં આવશે.

તા. ૧૪/૬/૨૦૨૨ ને મંગળવાર જેઠ સુદ પુનમના શુભ દિવસે રથ ને દાતાશ્રી તરફ થી લીલી ઝંડી આપી ને પ્રારંભ કરવામાં આવશે. દરેક ગામોની અંદર વાજતે ગાજતે રથ નું સામૈયું ગામેગામ થશે.

અર્બુદા માતા નો રથ ૧૨૦ દિવસ દરેક ગામમાં ભ્રમણ કરશે. સમાજ ના કાર્યકરો કેશુભાઈ પી પટેલ (મોટા કોટડા), રઘુભાઈ જે પટેલ (કાનપુર), પ્રમુખશ્રી જશુભાઈ (રુદ્રમાલા), ડાહ્યાભાઈ પટેલ, કનુભાઈ પટેલ, મનુભાઈ પટેલ (ચોરીવાડ) તેમજ સમાજ ના અનેક આગેવાનોની હાજરી માં રથ નો પ્રારંભ થશે અને રથ સાથે જોડાશે. સમાજ ના અગ્રણીઓએ વિનંતીસર જણાયું છે કે તારીખ ૧૪/૬/૨૦૨૨ ના રોજ ખેડબ્રહ્મા મુકામે મોટી સંખ્યા માં ઉપસ્થિત રહી રથ નો પ્રારંભ કરવા માટે સૌને અપીલ છે. કેશુભાઈ પી પટેલ (મોટા કોટડા) ૯૪૨૭૩૬૯૭૧૧

પ્રાંતિજ પોલીસે વિદેશી દારૂ સાથે એક મહિલા એક પુરૂષની અટકાયત કરી

વિદેશીદારૂ ૬૭ ટીન સાથે ઈકોકાર માંથી બે ને ઝડપી પાડયા : પ્રાંતિજ પોલીસે બાતમીના આધારે ચંચળબાનગર પાસેથી ઝડપી પાડયા : ૮૦૪૦ ના મુદ્દામાલ સાથે ઝડપી બન્ને વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથધરી

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ચંચળબાનગર પાસેથી બાતમીના આધારે ઈકોકાર માંથી પ્રાંતિજ પોલીસે વિદેશી દારૂ સાથે એક મહિલા અને એક પુરૂષ ને ઝડપી પાડયા .

પ્રાંતિજ પોલીસ સ્ટેશન નો સ્ટાફ પોલીસ પેટ્રોલિંગમા હતો તે દરમ્યાન તેવોને ખાનગી રાહે બાતમી મળીહતીકે હિંમતનગર તરફથી એક સ્ત્રી અને પુરૂષ કાળા કલરના થેલામા વિદેશીદારૂ ભરીને ઈકોકાર મા બેસીને અમદાવાદ તરફ જઈ રહેલ છે જે બાતમીને લઈ ને પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ચંચળબાનગર પોગલુ પાટીયા પાસે જતા એક પેસેન્જર ભરેલ ઈકોકાર આવતા ઉભી રાખી તેની અંદર ચેક કરતા પેસેન્જરો હોય અને ઈકોકાર મા ચેક કરતા એક સ્ત્રી અને એક પુરૂષ હોય તેમણા ઉપર શંકાજતા બન્ને ઈકોકાર માથી નીચે ઉતારી પુછપરછ કરતા હિંમતનગર થી નરોડા જવા નીકળેલ છીએ અને પોલીસ દ્વારા તેમના સામાન વિષે પુછતા બન્ને જણા ગલ્લા-તલ્લા કરવા લાગેલ અને ઈકોકાર મા તપાસ કરતા બે કાળા કલરના થેલાઓ મળી આવેલ જેથી થેલાઓ બાબતે બીજા પેસેન્જરો તથા ઈકોકાર ચાલક ને પુછતા બન્ને જણવેલ કે આ બન્ને થેલા આ રત્રી-પુરૂષ લઈ ને બેઠેલા હોવાનુ જણાવ્યુ હતુ તો થેલામા ચેક કરતા વિદેશી કીંગ ફીશર સુપર સ્ટ્રોંગ પ્રીમિયમ બીયર ૩૫ નંગ તથા બીજા થેલામાથી પણ મળી આવતા કુલ ૬૭ નંગ-ટીન જેમા એક ની કિંમત ૧૨૦ લેખે કુલ-૮૦૪૦ મુદામાલ સાથે સમીર શાહીદહુસેન અંસારી ઉ.વર્ષ-૨૪ રહે.૨૬,રહીમનગર એ-કોઝી હોટલ ની પાછળ નારોલ અમદાવાદ તા.જી.અમદાવાદ તથા મનીષાબેન પ્રતિક કુમાર હસમુખભાઈ દરજી ઉ.વર્ષ-૨૬ હાલ રહે. હાજીપુર હિંમતનગર જિ.સાબરકાંઠા મુળ રહે.અનીલભાઈ માણેકલાલ ચુનારા નિકોલ ગામ મકાન વિહોણા વિસ્તાર અમદાવાદ બન્ને વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ-૬૫(અ)(ઈ) ૧૧૬ (બી) ૮૧ મુજબ ગુનોનોંધી અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લાની ૩૦૦૦થી વધુ આંગણવાડીઓમાં પોષણ ટ્રેકર એપ્લીકેશનથી નજર...

કુપોષણ સામે લડવા સ્માર્ટ ફોનનો સહારો

બાયડ, તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કુપોષણ ઘટાડવાના સરકારના જંગમાં બંને જિલ્લાની ૩૦૦૦થી વધુ આંગણવાડીઓમાં પોષણ ટ્રેકર એપ્લીકેશનથી નજર રાખવામાં આવી રહી છે. કુપોષણની સ્થિતિ જાણવા માટે આંગણવાડી સંચાલિકાઓને સ્માર્ટ ફોન આપવામાં આવ્યા છે જેમાં ડીઝીટલ કામગીરીના માધ્યમથી ખાંગણવાડીની તમામ સ્થિતિની સમીક્ષા રાજ્ય સરકાર દ્વારા થઈ રહી છે.

કેન્દ્ર સરકાર દ્વારા પોષણ અભિયાન શરુ કરવામાં આવ્યું છે. કુપોષણનો દર ઘટાડવા સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ અને આરોગ્ય અંગેનું શિક્ષણ, પૂર્વ પ્રકૃતિ સેવાઓ, જોખમી સગર્ભા માતાઓને ઓળખી તે સંદર્ભિત સેવાઓ પૂરી પાડવા માટે આંગણવાડીઓમાં મંગળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત પોષણ ટેકર દ્વારા ડીઝીટલ માધ્યમથી સરકાર પણ આંગણવાડી કેન્દ્રોની સ્થિતિ ઉપર નજર રાખી રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હવે રજીસ્ટરના સ્થાને આંગણવાડીઓમાં સ્માર્ટ ફોનની સુવિધા પૂરી પાડવામાં આવી છે. જેમાં પોષણ ટેકર એપ્લીકેશન ડાઉનલોડ થયેલ છે જેમાંથી ડેસ બોર્ડ ઉપર મોટાભાગની આંગણવાડી કાર્યકરો કાર્યરત રહેતી હોય છે. આધુનિક સ્માર્ટ ફોન દ્વારા એપ્લીકેશનના માધ્યમથી જિલ્લાના લાભાર્થીઓ